નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરીઓ, બનાસકાંઠા અને પોરબંદરનું આધૂનિકરણ કરવા અંગેની વર્ષ ૨૦૨૧-૨૨ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત. રૂ.૨૦.૯૩ લાખ.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/ન.બા-૮/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-/૦૬/૨૦૨૧

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણનો તા. ૦૯/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૧૯/ ૧૦૩૦/ખ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૨૧/ ૪૪૦/ખ

આમુખ:-

નાણાંકીય વર્ષ:- ૨૦૨૧-૨૨માં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા નાયબ નિયામક(અ.જા.ક.), પોરબંદર અને નાયબ નિયામક(અ.જા.ક.), બનાસકાંઠા ખાતેની જિલ્લા કચેરીઓના આધૂનિકરણ અંગે કુલ રૂ.૨૦.૯૩ લાખની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના તા:૦૯/૧૧/૨૦૧૯ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તને સૈધ્ધાંતિક મંજૂરી મળતાં કુલ રૂ.૨૦.૯૩ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ:-૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ રૂ.૨૦.૯૩ લાખની જોગવાઈ અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૨) પરના તા:૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, નાયબ નિયામકશ્રી(અ.જા.ક.), પોરબંદર અને નાયબ નિયામકશ્રી(અ.જા.ક.), બનાસકાંઠા ખાતેની જિલ્લા કચેરીઓના આધૂનિકરણ અંગેની રૂ.૨૦.૯૩ લાખની વર્ષ ૨૦૨૧-૨૨ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૦) આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪.૧૦.૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટ

પ્લસ (જી.ઇ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે. જો કોઇ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧.૧૦.૨૦૧૮ ના ઠરાવથી સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) જો કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણાં વિભાગના તા.૧૭.૦૩.૨૦૦૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૮.૦૭.૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડરથી કરવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં 'માંગણી ક્રમાંક: ૯૫, સેક્ટર: (ખ) સામાજિક સેવાઓ, સબ સેક્ટર:(ગ) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર: ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧ અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર: ૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર: SCW-23, બધી કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું' હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે
10. પસંદગી ફાઇલ ૨૦૨૧.